# KRISHNA DEVELOPERS

Add.: **રે. સર્વે નં./બ્લોક નં. ૯૮/પૈકી ૧,** જેનો **ફાયનલ પ્લોટ નં. ૧૧૯/સી,** પ્રિઝમ હાઈટસની બાજુમાં, ડભોલી, સુરત.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, **ક્રિષ્ના એવેન્યુ** ના પ્રયોજક, **નયન પ્રવિણચંદ્ર પટેલ** એ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલી મિલકત બાબતે સબ–રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં શોધ કરાવી છે અને દરમ્યાન મજકૂર મિલકતના અમલા ઉપર કોઈ બોજો હોવાનું મળી આવ્યું નથી.

**<u>જમીનની વિગત</u>**

મોજે ગામ: **ડભોલી,** તાલુકા: **કતારગામ,** જી. સુરતના **રે. સર્વે નં./બ્લોક નં. ૯૮/પૈકી ૧, ટી.પી. સ્કીમ નં. ૫૧** ડભોલી, જેનો **ફાયનલ પ્લોટ નં. ૧૧૯/સી,** જેનું ક્ષેત્રફળ **૧૮૫૦ ચોરસ મીટરવાળી** બીનખેતીની જમીન.

સ્થળ : સુરત

તારીખ : 3/09/2025

..............................................

**નયન પ્રવિણચંદ્ર પટેલ**

**તે**

**ક્રિષ્ના એવેન્યુ ના પ્રયોજક**

BHAGVATIBHAI R. PATEL
B.Com. L.L.B. (Advocate)
Off.- 221, Saisquare Complex, Honeypark Road, Adajan, Surat.-395009,

ભગવતીભાઈ આર.પટેલ
બી.કોમ.એલ.એલ.બી(એડવોકેટ)
ઓફીસ : ૨૨૧,સાંઈ સ્કવેર કોમ્પલેક્ષ, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત.– ૩૯૫૦૦૯

Ref No. :                                                    Date :    /    /2018

## –: ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ :–

**સુરત ડીસ્ટ્રીકટ કતારગામ સબ ડીસ્ટ્રીકટના મોજે.ડભોલીના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ વાળી જમીન જેનો ખાતા નં.૨૯૪ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ ૦.૭૮.૯૧ હે.આરે.ચો.મી. જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ઓ.પી. નં.૧૧૯ જેનુ ક્ષેત્રફળ ૫૫૫૦ ચો.મી. જમીન પૈકી પૂર્વ દિશા તરફની જેનો ફા.પ્લોટ નં.૧૧૯/સી જેનુ ક્ષેત્રફળ : ૧૮૫૦ ચો.મી. ફાળવવામાં આવેલ છે. તે મજકુર બીનખેતીની જમીન અંગેનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ.**

---

હું એડવોકેટશ્રી **ભગવતી આર. પટેલ,** ઓફીસ : ૨૨૧ થી ૨૨૩, સાંઈ સ્કવેર કોમ્પલેક્ષ, હનીપાર્ક રોડ, અડાજણ, સુરતના સમક્ષ સુરત ડીસ્ટ્રીકટ કતારગામ સબ ડીસ્ટ્રીકટના મોજે.ડભોલીના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ વાળી જમીન જેનો ખાતા નં.૨૯૪ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ ૦.૭૮.૯૧ હે.આરે.ચો.મી. જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ઓ.પી.નં.૧૧૯ જેનુ ક્ષેત્રફળ ૫૫૫૦ ચો.મી. જમીન પૈકી પૂર્વ દિશા તરફની જેનો ફા.પ્લોટ નં.૧૧૯/સી જેનુ ક્ષેત્રફળ : ૧૮૫૦ ચો.મી. ફાળવવામાં આવેલ છે. તે મજકુર બીનખેતીની જમીન બાબુત **કિષ્ના ડેવલોપર્સ એક ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) મોહનભાઈ કેશવભાઈ પટેલ,** રહે.૨૧૫–૨૧૬, કેશવપાર્ક સોસાયટી, વેડ રોડ, સુરતના તથા **(૨) જશવંતભાઈ કેશવભાઈ પટેલ,** રહે.એજનના તથા **(૩) પ્રવિણચંદ્ર કેશવભાઈ પટેલ,** રહે.એજનના તથા **(૪) વિજયકુમાર મોહનલાલ પટેલ,** રહે.એજનના તથા **(૫) વિપુલભાઈ મોહનભાઈ પટેલ,** રહે.એજનના તથા **(૬) નયનભાઈ પ્રવિણચંદ્ર પટેલ,** રહે.એજનના તથા **(૭) સંજયભાઈ જશવંતભાઈ પટેલ,** રહે.એજનનાઓએ મારી સમક્ષ નીચે જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

૧. મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ ની ૭×૧૨ તથા ૮–અ ની કોમ્પ્યુટરાઈઝ ઝેરોક્ષ નકલો. તા.૦૪/૦૬/૨૦૧૮

૨. મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ વાળી જમીનના દફતરે પડેલ ફેરફાર નોંધ નં.૬૬, ૬૮, ૭૦, ૧૨૪, ૧૨૫, ૨૭૩, ૨૮૬, ૩૧૫, ૩૩૬, ૪૩૪, ૫૪૪, ૬૦૩, ૬૫૭, ૭૦૬, ૯૬૦, ૧૦૮૫,

૧૨૪૫, ૧૪૦૭, ૧૪૧૯, ૧૪૨૧, ૧૪૪૧, ૧૪૪૪, ૧૪૭૦, ૧૫૦૭, ૧૫૨૦, ૧૬૦૨ નોધોંની સહી, સીકકાવાળી ઝેરોક્ષ નકલો.

૩. મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ જમીનના માલિક પૈકી કમુબેન કેશવભાઈ, ઈન્દુબેન કેશવભાઈ તથા મંજુલાબેન કેશવભાઈનાઓએ તેઓનો ચાલી આવેલ કાયદેસરનો વણવહેંચાયેલ હકક, હિસ્સો મોહનભાઈ કેશવભાઈ, જશવંતભાઈ કેશવભાઈ, પ્રવિણચંદ્ર કેશવભાઈનાઓના લાભમાં બિન અવેજી રીલીઝ દસ્તાવેજથી જતો કરેલ. અને જે અંગેનો બિન અવેજી રીલીઝનો દસ્તાવેજ મહે.સુરતના સીટી–૮(રાંદેર) ના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુ. નં.૬૦૧, તા.૦૭/૦૨/૨૦૧૪ ના રોજના દસ્તાવેજની ઝેરોક્ષ તથા ઈન્ડેક્ષની ઝેરોક્ષ તથા આર.ઓર. રસીદની ઝેરોક્ષ નકલ.

૪. મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ વાળી જમીન બાબત સુરત શહેર વિકાસ સત્તા મંડળની કચેરી તરફથી આપવામાં આવેલ ઝોનીગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ.

૫. મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ વાળી જમીન બાબત ગુજરાત અને શહેરી વિકાસ અધિનિયમન–૧૯૭૬ હેઠળ નગર રચના સુરત તરફથી આપેલ પ્રાંરભિક યોજના પુનઃ વહેંચણી પત્રક અંગેનું નિયમ–૨૧ અને ૩૫ હેઠળ આપેલ પુનઃ વહેંચણી પત્રક (બ–ફોર્મ)

૬. એજન જમીન બાબત નગર રચના અધિકારી સુરત તરફથી આપવામાં આવેલ પાર્ટ પ્લાનની ઝેરોક્ષ નકલ.

૭. એજન જમીન બાબત નગર રચના અધિકારી સુરત તરફથી આપવામાં આવેલ પ્રાંરભિક નગર રચના યોજના પુનઃવહેંચણી પત્રકની ઝેરોક્ષ નકલ.

૮. મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ વાળી જમીન પૈકી ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી વાળી ૧૮૫૦ ચો.મી. જમીન અંગે કલેકટરશ્રી સુરતનાએ કરેલ હુકમ ક્રમાંક : એ / બખપ / રી.એસ.આર. નં.૬૩/૧૫ / આઈડી નં.૧૬૬૦૪ / વશી.૧૯૬૧ થી ૧૯૭૪/૧૫ બી–બ્લોક, પાંચમો માળ, ચીટનીશ શાખા, કલેકટર કચેરી, જીલ્લા સેવા સદન–૨, અઠવા લાઈન્સ, સુરતનાનો તા.૨૭/૦૫/૨૦૧૫ ના રોજ બિનખેતી રહેણાંક હેતુ માટે એન.એ. પરવાનગીના હુકમની ઝેરોક્ષ નકલ.

૯. સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીગ ડિપાર્ટમેન્ટ તરફથી ટી.ડી.ઓ.નં.૧૩, તા.૦૯/૦૪/૨૦૧૫ તથા ટી.ડી.ઓ./ડી.પી./નં.૧૪૦, તા.૦૯/૦૭/૨૦૧૫ મુજબ

થી ટી.ડી.ઓ.ડી.પી. આઉટ વર્ડ નં.૧૩૪, તા.૦૯/૦૭/૨૦૧૫ ના રોજથી આપવામાં આવેલ ડેવલોપમેન્ટ પરમીશન યાને બાંધકામની રજાચિઠ્ઠી.

૧૦. મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ના ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી ની ૧૮૫૦ ચો.મી. વાળી બીનખેતી રહેણાંક હેતુ માટેની જમીનના માલિકો મોહનભાઈ કેશવભાઈનાઓએ તા.૦૬/૦૯/૨૦૧૭ ના રોજથી " ક્રિષ્ના ડેવલોપર્સ " ભાગીદારી પેઢીના નામથી કરેલ રજીસ્ટર્ડ ભાગીદારીના દસ્તાવેજ નં.૨૦૫૨૯, તા.૦૭/૦૯/૨૦૧૭ ની ઝેરોક્ષ તથા ઈન્ડેક્ષની નકલ.

૧૧. મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ના ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી ની ૧૮૫૦ ચો.મી. વાળી બીનખેતીની જમીન અંગે સને.૧૯૯૯ થી સને.૨૦૧૭ સુધીની શોધ તા.૨૭/૧૦/૨૦૧૭ ના રોજ તથા સને.૨૦૧૮ ની શોધ તા.૦૪/૦૬/૨૦૧૮ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરી (કતારગામ) સુરતમાંથી મેળવેલ શોધની રસીદની ઝેરોક્ષ.

આમ હમારી સમક્ષ ઉપરોકત જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ મજકુર ક્રિષ્ના ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ઉપરોકત જણાવેલ ભાગીદારોએ રજુ કરતા તે મજકુર પુરાવાઓનો વિગતવાર અભ્યાસ કરીને આ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ લખી આપવામાં આવે છે કે,.....

સદરહું મોજે.ગામ.ડભોલીના રેવન્યુ સર્વે / બ્લોક નં.૯૮ વાળી જમીનના મુળ માલિક અનુપસંગ રતનજીના ચાલી આવેલા.

ત્યારબાદ સદરહું જમીનના માલિક અનુપસંગ રતનજીના તા.૧૪/૦૧/૧૯૩૨ ના રોજ ગુજરી જતા વારસાઈ હકકે સદરહું જમીનના માલિક તેમના કાયદેસરના સીધીલીટીના વારસદાર તરીકે કલ્યાણસંગ અનુપસંગ થયેલા. અને જે અંગેની વારસાઈની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૬૬, તા.૧૦/૦૩/૧૯૩૨ ના રોજથી પાડવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન અંગે સરકારશ્રીના ઠરાવ નં.૭૨૫૯/૨૪, તા.૦૫/૧૦/૧૯૩૧ થી ગામ ડભોલીના જમીનોના આકાર કમી થવા અંગેની ફેરફાર દુરસ્તી કરવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૬૮, તા.૨૫/૦૫/૧૯૩૨ ના રોજથી પાડવામાં આવેલ. ત્યારબાદ સદરહું જમીન અંગે સરકારશ્રીના ઠરાવ નં.૭૨૫૯/૨૪, તા.૦૫/૧૦/૧૯૩૧ થી ગામ ડભોલીના જમીનોના આકાર કમી થવા અંગેની ફેરફાર દુરસ્તી કરવામાં આવેલ. અને જે

અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૭૦, તા.૦૪/૦૮/૧૯૩૨ ના રોજથી પાડવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિક કલ્યાણસંગ અનુપસંગ તા.૧૮/૦૨/૧૯૪૧ ના રોજ ગુજરી જતા વારસાઈ હકકે સદરહું જમીનના માલિક તેમના કાયદેસરના સીધીલીટીના વારસદાર તરીકે (૧) મોતીસંગ અનુપસીગ, (૨) નહારસીગ અનુપસીગ, (૩) નૃપતસીગ અનુપસીગ, (૪) હિંમતસીગ કલ્યાણસીગ સગીરના વાલી બાઈ નંદુબા તે કલ્યાણસીગ અનુપસીગની વિધવા, (૫) બાઈ રતન તે અનુપસીગ રતનસીગની વિધવાના નામો આર.ટી.એસ. હુકમ નં.૬૯, તા.૧૬/૦૭/૧૯૪૧ ના આધારે સદરહું જમીનમાં દાખલ કરવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૧૨૪, તા.૨૪/૦૭/૧૯૪૧ ના રોજથી પાડવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો (૧) મોતીસિંહ અનુપસીહ, (૨) નહારસીહ અનુપસીહ, (૩) નૃપતસીહ અનુપસીહ, (૪) હિંમતસીહ કલાણસીહ સગીરના વાલી બાઈ નંદુબા તે કલ્યાણસીહ અનુપસીહની વિધવા, (૫) બાઈ રતન તે અનુપસીહ રતનસીહની વિધવાનાઓ વચ્ચે વહેંચણી કરવામાં આવેલ. અને તે વહેંચણીની રૂએ સદરહું રેવન્યુ સર્વે નં.૯૮ વાળી એકર ૨ એકર ૬ ગુંઠા વાળી જમીન મોતીસીહ અનુપસીહના હિસ્સે આવેલ. અને જે અંગેની વહેંચણની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬ (હકકપત્રક) માં નોંધ નં.૧૨૫, તા.૨૪/૦૭/૧૯૪૧ ના રોજથી પાડવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિક મોતીસીહ અનુપસીહ તા.૨૮/૦૭/૧૯૫૪ ના રોજ ગુંજરી જતા વારસાઈ હકકે સદરહું જમીનના માલિક તેમના કાયદેસરના સીધીલીટીના વારસદાર તરીકે તેમના પુત્ર ઈશ્વરસિંહ મોતીસિંહનું નામ ગામ દફતરે દાખલ કરવામાં આવેલ. અને જે અંગેની વારસાઈની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક). માં નોંધ નં.૨૭૩, તા.૦૧/૦૯/૧૯૫૪ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ જાત ઈનામ વર્ગ–૨ હેડેની જમીનો જાત ઈનામ નાબુદ કાયદાની કલમ–૪ અન્વયે તા.૦૧/૦૮/૧૯૫૫ થી જાત ઈનામ સદરેથી નાબુદ થતી હોવાથી ગામ.ડભોલીની જાત ઈનામી જમીનો તા.૦૧/૦૮/૧૯૫૫ થી જાત ઈનામ સદરેથી નાબુદ થતી હોવાથી તાલુકાના હુકમ નં.વતન / જાત ઈનામ તા.૦૮/૦૮/૫૫ પ્રમાણે અનુક્રમે જણાવેલા સર્વે નંબરોની જમીન જાત ઈનામી તા.૦૧/૦૮/૫૫ થી ભર આકારે થવા બદલની નોંધ કરવામાં આવેલ. અને જે અંગેની જાત ઈનામી નાબુદ થવા અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના-નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૨૮૬, તા.૧૦/૦૯/૧૯૫૫ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ જાત ઈનામ નાબુદ થતા સદર કાયદાની કલમ–૫(૨) પત્રક–અ ના કો–૨ માં મુજબ જણાવેલા ઈસમોને કબજેદારના હકક તા.૦૧/૦૮/૧૯૫૫ થી આપવામાં આવેલ. અને તે તારીખથી જમીન મહેસુલ સરકારશ્રીને ભરવા માટે જવાબદાર ઠરાવવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૩૧૫, તા.૧૫/૦૫/૧૯૫૯ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન પર જમીન સુધારા અંગેની તગાવી લોનના તારણની મહે.મામલતદાર સાહેબના હુકમ નં.તગાવી એલ.આઈ. ડભોલી, તા.૩૦/૦૩/૧૯૬૦ મુજબ બીજા હકકમાં બોજાની નોંધ કરવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૩૩૬, તા.૦૧/૦૬/૧૯૬૦ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન પર ચાલી આવેલ જમીન સુધારા અંગેની તગાવી લોનની રકમ સદરહું જમીનના માલિક ઈશ્વરસિંહ મોતીસિંહનાએ વ્યાજ સહિત ભરપાઈ કરતા મહે.ચોર્યાસી તાલુકા વિકાસ અધિકાર સાહેબ ચોર્યાસીના હુકમ નં.તગાવી / ૯૭, તા.૨૭/૦૧/૧૯૬૫ મુજબ બીજા હકકમાંથી તગાવીના તારણમાંથી મુકતની નોંધ કમી કરવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૪૩૪, તા.૨૭/૦૧/૧૯૬૫ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનમાંથી ડીસ્ટ્રીટ ઈન્સપેકટર જમીન રેકર્ડઝ સુરત સા. તરફથી આવેલ દુરસ્તી પત્રક નં.૧૦ ના આધારે નહેરમાં ગયેલ ગુંઠા–૩ જમીન મામલતદાર સાહેબના હુકમ નં.એલ.એ.કયુ. / વશી–૧૧૭૧, તા.૧૨/૦૫/૧૯૭૨ મુજબ દુરસ્તી પ્રત્રક નં.૧૦ મુજબ સદરહું જમીનમાંથી દુરસ્તી કરવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૫૪૪, તા.૨૧/૧૦/૧૯૭૨ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન અંગે ખેતીની જમીનના ટુકડા કાયદાની જોગવાઈ મુજબ ગામ ડભોલીની જમીનોની ટુકડા તરીકે નોંધ કરવામાં આવેલ. જે મુજબ સદરહું જમીન સહિતની જમીનોના રેવન્યુ દફતરે બીજા હકકમાં ટુકડા અંગેની નોંધ ગામ દફતરે પાડવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૬૦૩, તા.૨૫/૧૨/૧૯૭૭ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

PATEL ADVOCATE SURAT

ત્યારબાદ સદરહું જમીન માલિક ઈશ્વરસીહ મોતીસિંહનાએ તા.૦૯/૦૯/૧૯૮૨ ના રોજ સામાયિકપણાના આધારે તેઓની સાથે તેમના પત્ની કંચનબેન ઈશ્વરસીહનું નામ દાખલ કરવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૬૫૭, તા.૧૬/૦૯/૧૯૮૨ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું સર્વે નં.૯૮ વાળી જમીનના માલિક ઈશ્વરસીહ મોતીસીહ તથા કંચનબેન ઈશ્વરસીહનાઓ કનેથી સદરહું જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી લલીતાબેન ઉર્ફે લાલીબેન તે કેશવભાઈ છગનભાઈની વિધવા, મોહનભાઈ કેશવભાઈ, જશવંતભાઈ કેશવભાઈ તથા પ્રવિણચંદ્ર કેશવભાઈનાઓએ વેચાણ રાખેલ. અને જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે.સુરતના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુ.નં.૨૨૪૨, તા.૧૫/૦૨/૧૯૮૯ ના રોજથી નોંધાયેલ છે. અને જે અંગેની વેચાણની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૭૦૬, તા.૨૧/૦૨/૧૯૮૯ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન અંગે ગુજરાત સરકારશ્રીના મહેસુલી વિભાગના તા.૧૫/૧૦/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : ૫૬૨ / ૨૬૯૭ / ૨૫૯૦ / ૯૭ ના ગેઝેટ પ્રસિધ્ધ મુજબ સુરત મહાનગરપાલિકાના શહેરી વિસ્તારમાં ડભોલી ગામનો સમાવેશ સીટી વિસ્તારમાં કરવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૯૬૦, તા.૨૦/૦૩/૨૦૦૩ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું રેવન્યુ સર્વે નં.૯૮/પૈકી ૧ વાળી જમીનના માલિક લલીતાબેન ઉર્ફે લાલીબેન તે કેશવભાઈ છગનભાઈની વિધવા, મોહનભાઈ કેશવભાઈ, જશવંતભાઈ કેશવભાઈ તથા પ્રવિણચંદ્ર કેશવભાઈનાઓ વચ્ચે કૌટુંબિક વહેંચણી કરવામાં આવેલ. જે વહેંચણી કરારના આધારે સદરહું જમીન પૈકી ૨૬૩૦ ચો.મી. જમીન (૧) લલીતાબેન ઉર્ફે લાલીબેન તે કેશવભાઈ છગનભાઈની વિધવા, (૨) જશવંતભાઈ કેશવભાઈના હિસ્સે આવેલ. તથા સદરહું જમીન પૈકી ૨૬૩૧ ચો.મી. જમીન (૧) પ્રવિણચંદ્ર કેશવભાઈ, (૨) વિજયકુમાર મોહનલાલના હિસ્સે આવેલ. તથા સદરહું જમીન પૈકી ૨૬૩૦ ચો.મી. જમીન (૧) મોહનભાઈ કેશવભાઈના હિસ્સે આવેલ. અને જે અંગેની વહેંચણીની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૧૦૮૫, તા.૨૮/૧૦/૨૦૦૫ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું રેવન્યુ સર્વે નં.૯૮/પૈકી ૧ સહિતની અન્ય જમીનોમાં નામમાં ચાલી આવેલ ભુલો સુધારવા માટેની અરજીના આધારે મામલતદાર સાહેબ સીટીના હુકમ

નં.જદકો / ડભોલી / સુધારો / રજી. ૬૯૭, તા.૦૩/૦૨/૨૦૧૧ ના રોજ કરવામાં આવેલ. અને તે હુકમ મુજબ સદરહું જમીનના સહમાલિક લલીતાબેન ઉર્ફે લલી તે કેશવ છગનની વિધવાના બદલે લલીતાબેન ઉર્ફે લાલીબેન તે કેશવ છગનની વિધવા એ પ્રમાણે સુધારો કરવામાં આવેલ. અને જે અંગેની હુકમની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૧૨૪૫, તા.૧૧/૦૨/૨૦૧૧ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ તા.૦૯/૦૬/૨૦૧૧ ના રોજથી પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો પૈકી લલીતાબેન ઉર્ફે લાલીબેન તે કેશવ છગનની વિધવા તા.૧૫/૦૫/૨૦૧૪ ના રોજ ગુજરી જતા વારસાઈ હકકે તેમના હિસ્સાની જમીનના માલિક તેમના સીધીલીટીના વારસદાર તરીકે કમુબેન કેશવભાઈ, ઈન્દુબેન કેશવભાઈ, મંજુલાબેન કેશવભાઈનાઓ થયેલા. તથા સદરહું જમીનમાં મોહનભાઈ કેશવભાઈ, જશવંતભાઈ કેશવભાઈ, પ્રવિણચંદ્ર કેશવભાઈ તથા વિજયકુમાર મોહનલાલના નામો ચાલુ રાખવામાં આવેલ. અને જે અંગેની વારસાઈની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૧૪૦૭, તા.૨૬/૦૫/૨૦૧૪ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ તા.૧૭/૦૭/૨૦૧૪ ના રોજથી પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકો પૈકી કમુબેન કેશવભાઈ, ઈન્દુબેન કેશવભાઈ તથા મંજુલાબેન કેશવભાઈનાઓએ તેઓનો ચાલી આવેલ કાયદેસરનો વણવહેંચાયેલ હકક, હિસ્સો મોહનભાઈ કેશવભાઈ, જશવંતભાઈ કેશવભાઈ, પ્રવિણચંદ્ર કેશવભાઈનાઓના લાભમાં બિન અવેજી રીલીઝ દસ્તાવેજથી જતો કરેલ. અને જે અંગેનો બિન અવેજી રીલીઝનો દસ્તાવેજ મહે.સુરતના સીટી–૮(રાંદેર) ના સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુ. નં.૬૦૧, તા.૦૭/૦૨/૨૦૧૪ ના રોજથી નોંધાયેલ છે. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૧૪૧૯, તા.૨૨/૦૭/૨૦૧૪ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ તા.૨૬/૦૮/૨૦૧૪ ના રોજથી પ્રમાણિત કરવામાં આવેલ.

સદરહું જમીન સુડાના રેસીડેન્શીયલ ઝોનમાં ચાલી આવેલ છે.

ત્યારબાદ સદરહું રેવન્યુ સર્વે નં.૯૮/પૈકી ૧ વાળી જુની શરતની ખેતીની જમીનના માલિક મોહનભાઈ કેશવભાઈ, જશવંતભાઈ કેશવભાઈ, પ્રવિણચંદ્ર કેશવભાઈ તથા વિજયકુમાર મોહનલાલનાની પ્રત્યક્ષ માલીકીની અને કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ. સદરહું જમીનમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) લાગુ પાડવામાં આવતા સદરહું રેવન્યુ સર્વે નં.૯૮/પૈકી ૧ વાળી જમીનના ૩(ત્રણ) અલગ–અલગ હિસ્સા મુજબ ઓરીજનલ પ્લોટ નં.૧૧૯ આપીને ફાયનલ પ્લોટ નં.૧૧૯/એ, ૧૧૯/બી તથા ૧૧૯/સી

આપીને દરેકને ૧૮૫૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ. અને તે મુજબના હિસ્સા ફોર્મ નં.૪ માં નોંધ કરવામાં આવેલ. જે મુંજબ આખી જમીન પૈકીના પશ્ચિમ તરફના ભાગને ફાયનલે પ્લોટ નં.૧૧૯/એ, મધ્ય ભાગને ફાયનલ પ્લોટ નં.૧૧૯/બી તથા પૂર્વ ભાગને ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી આપવામાં આવેલ.

ત્યારબાદ સદરહું રે.સર્વે નં.૯૮/પૈકી ૧ વાળી જમીન પૈકી ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી વાળી ૧૮૫૦ ચો.મી. વાળી જમીન બિનખેતીના રહેણાંકના હેતુ માટે કલમ–૬૫ હેઠળની કાર્યવાહી કરેલ. અને જે અંગે મહે.કલેકટરશ્રી સુરતનાએ તેમના હુકમ ક્રમાંક : એ / બખપ / રી.એસ.આર. નં.૬૩/૧૫ / આઈડી નં.૧૬૬૦૪ / વશી.૧૯૬૧ થી ૧૯૭૪/૧૫ બી–બ્લોક, પાંચમો માળ, ચીટનીશ શાખા, કલેકટર કચેરી, જીલ્લા સેવા સદન–૨, અઠવા લાઈન્સ, સુરત, તા.૨૭/૦૫/૨૦૧૫ ના રોજથી બિનખેતીનો હુકમ કરવામાં આવેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતર ગામ નમૂના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૧૪૨૧, તા.૩૦/૦૮/૨૦૧૪ ના રોજથી પાડવામાં આવેલ. અને ત્યારબાદ મજકુર નોંધ તા.૨૮/૧૦/૨૦૧૪ ના રોજથી પ્રમાણિત કરવામાં આવેલ.

અને તે રીતે સદરહું રે.સર્વેનં.૯૮/પૈકી ૧ વાળી જમીન જેનો ખાતો નં.૨૯૪ વાળી જમીન જેનુ ક્ષેત્રફળ ૦.૭૮.૯૧ હે.આરે.ચો.મી. જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ઓ.પી.નં.૧૧૯ જેનુ ક્ષેત્રફળ ૫૫૫૦ ચો.મી. જમીન પૈકી પૂર્વ દિશા તરફની જેનો ફા.પ્લોટ નં.૧૧૯/સી જેનુ ક્ષેત્રફળ : ૧૮૫૦ ચો.મી. વાળી બિનખેતીની જમીનના માલિક મોહનભાઈ કેશવભાઈ, જંશવંતભાઈ કેશવભાઈ, પ્રવિણચંદ્ર કેશવભાઈ તથા વિજયકુમાર મોહનલાલનાની પ્રત્યક્ષ માલીકીની અને કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ.

સદરહું મોજે.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ઓ.પી. નં.૧૧૯ જેનુ ક્ષેત્રફળ ૫૫૫૦ ચો.મી. જમીન પૈકી પૂર્વ દિશા તરફની જેનો ફા.પ્લોટ નં.૧૧૯/સી જેનુ ક્ષેત્રફળ : ૧૮૫૦ ચો.મી. વાળી બિનખેતીની જમીનમાં બાંધકામ કરવા અંગેનો પ્લાન સુરત મહાનગરપાલિકાની કચેરીમાં રજુ કરતાં તે મજકુર પ્લાન મંજુર કરી બાંધકામની રજાચિઠ્ઠી ટી.ડી.ઓ.નં.૧૩, તા.૦૯/૦૪/૨૦૧૫ તથા ટી.ડી.ઓ./ડી.પી./નં.૧૪૦, તા.૦૯/૦૭/૨૦૧૫ મુજબ થી ટી.ડી.ઓ.ડી.પી. આઉટ વર્ડ નં.૧૩૪, તા.૦૯/૦૭/૨૦૧૫ ના રોજથી વિકાસ પરવાનગી યાને બાંધકામની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે.

આમ, સદરહું સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ના ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી ની ૧૮૫૦ ચો.મી. બિનખેતીની જમીનના માલિકો (૧) મોહનભાઈ કેશવભાઈ, (૨) જશવંતભાઈ કેશવભાઈ, (૩) પ્રવિણચંદ્ર કેશવભાઈ, (૪) વિજયકુમાર મોહનલાલ જમીન માલિકો તથા (૧) વિપુલભાઈ મોહનભાઈ પટેલ, (૨)

નયનભાઈ પ્રવિણચંદ્ર પટેલ, (૩) સંજયભાઈ જશવંતભાઈ પટેલનાઓ વચ્ચે " **ક્રિષ્ના ડેવલોપર્સ** " ના નામથી ભાગીદારીનો દસ્તાવેજ તા.૦૬/૦૯/૨૦૧૭ ના રોજથી કરવામાં આવેલ છે. જે મજકુર ભાગીદારી પેઢીનો દસ્તાવેજ મે.સુરતના સબ રજીસ્ટારશ્રી (કતારગામ) સાહેબની કચેરી અનું નં.૨૦૫૨૯, તા.૦૭/૦૯/૨૦૧૭ ના રોજથી રજુ થયેલ. અને તા.૦૮/૦૯/૨૦૧૭ ના રોજથી નોંધણી કરવામાં આવેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ ગામ દફતરે ગામ નમુના નં.૬(હકક પત્રક) માં નોંધ નં.૧૬૦૨, તા.૨૬/૦૯/૨૦૧૭ ના રોજથી પાડવામાં આવેલ છે. અને ત્યારબાદ મજકુર નોંધ તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજથી પ્રમાણિત કરવામાં આવેલ છે.

આમ, સદરહું સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ના ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી ની ૧૮૫૦ ચો.મી. બીનખેતીની જમીનના માલિક " ક્રિષ્ના ડેવલોપર્સ " એક ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) મોહનભાઈ કેશવભાઈ પટેલ, (૨) જશવંતભાઈ કેશવભાઈ પટેલ, (૩) પ્રવિણચંદ્ર કેશવભાઈ પટેલ, (૪) વિજયકુમાર મોહનલાલ પટેલ, (૫) વિપુલભાઈ મોહનભાઈ પટેલ, (૬) નયનભાઈ પ્રવિણચંદ્ર પટેલ, (૭) સંજયભાઈ જશવંતભાઈ પટેલ થયેલા છે. તથા ચાલી આવેલા છે.

સદરહું સદરહું સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ના ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી ની ૧૮૫૦ ચો.મી. બીનખેતીની જમીન અંગે સબ રજીસ્ટ્રાર સુરત (કતારગામ) ની કચેરીમાંથી ૧૮ વર્ષની શોધની રસીદ નં.૨૦૧૭૦૨૧૦૬૦૧૭૪, તા.૨૭/૧૦/૨૦૧૭ તથા સબ રજીસ્ટ્રાર સુરત (કતારગામ) ની કચેરીમાંથી ૧ વર્ષની શોધની રસીદ નં.૨૦૧૮૦૨૧૦૩૫૪૬૩, તા.૦૪/૦૬/૨૦૧૮ ના રોજથી મેળવેલ છે.

આમ, મારી સમક્ષ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાના રેકર્ડની હકિકત ઘ્યાને લેતા સદરહું સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) ના ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી ની ૧૮૫૦ ચો.મી. વાળી રહેણાંક હેતુ માટેની બીનખેતી જમીનના ઉપરોકત રેવન્યુ રેકર્ડની હકિકત મુજબ ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાય આવે છે. અને માર્ગેજ કરવાને પાત્ર છે.

સ્થળ : સુરત.

તારીખ : ૦૧/ ૦૬/૨૦૧૮

BHAGVATI R. PATEL ADVOCATE SURAT.

ભગવતી આર. પટેલ
એડવોકેટ

# KRISHNA DEVELOPERS

Add.: રે. સર્વે નં./બ્લોક નં. ૯૮/પૈકી ૧, જેનો ફાયનલ પ્લોટ નં. ૧૧૯/સી, પ્રિઝમ


| BHAGVATIBHAI R. PATEL<br>B.Com. L.L.B. (Advocate)<br>Off.- 221, Saisquare Complex, Honeypark Road, Adajan, Surat.-395009, | ભગવતીભાઈ આર.પટેલ<br>બી.કોમ.એલ.એલ.બી(એડવોકેટ)<br>ઓફીસ : ૨૨૧,સાંઈ સ્કવેર કોમ્પલેક્ષ, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત.– ૩૯૫૦૦૯ |
| --- | --- |


Ref No. :

Date : 07 / 06 / 2018

## –: બોજા અંગેનું પ્રમાણપત્ર :–

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, **ક્રિષ્ના એવેન્યુ** ના પ્રયોજક **વિપુલભાઈ મોહનભાઈ પટેલ**નાની સુચના ઉપરથી પરિશિષ્ટમાં વર્ણવેલી મિલકત બાબતે સબ રજીસ્ટ્રાર, સુરતની કચેરીમાં શોધ કરાવી છે. અને દરમ્યાન મજકુર મિલકત ઉપર કોઈ બોજો હોવાનું મળી આવ્યું નથી.

## –: જમીનની વિગત :–

મોજે.ગામ.ડભોલી, તા.કતારગામ, જી.સુરતના રે. સર્વે / બ્લોક નં.૯૮/પૈકી ૧ વાળી જમીન જેનો ટી.પી. સ્કીમ નં.૫૧(ડભોલી) જેનો ફાયનલ પ્લોટ નં.૧૧૯/સી જેનુ ક્ષેત્રફળ : ૧૮૫૦ ચો.મી. વાળી બીનખેતીની જમીન.

સ્થળ : સુરત

તા. ૦૭/૦૬/૨૦૧૮

BHAGVATI R. PATEL ADVOCATE SURAT

ભગવતી આર. પટેલ
એડવોકેટ

BHAGVATI R. PATEL ADVOCATE SURAT

Scanned by CamScanner